ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર 30 એપ્રિલ, ૨૦૨૬

નડિયાદ મનપામાં પ્રથમ મેયર કોણ? સંગઠન, સર્વસમાવેશકતા અને અનુભવનો સમન્વય બનશે પસંદગીનો મુખ્ય માપદંડ

નડિયાદ શહેરના પ્રથમ નાગરિક બનવાં ભાજપમાં જંગ!

વિજેતા ઉમેદવારોમાં
લોબિંગ શરૂ, જાતિગત સમીકરણો અને જૂથવાદને સંતુલિત કરવા ભાજપ માટે કપરા ચઢાણ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.29

નડિયાદ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ 52માંથી 51 બેઠકો મેળવી ભવ્ય વિજય પ્રાપ્ત કર્યા બાદ હવે પ્રથમ નાગરિક એટલે કે મેયર કોણ બનશે તે અંગે અનેક તર્કવિતર્ક વહેતા થયા છે. સંગઠનની સૂઝ અને તમામ સ્તરે અનુભવ ધરાવતા ચહેરાને પ્રાધાન્ય આપવાની ગણતરીઓ વચ્ચે રાજકીય ગરમાવો વધ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે શાસક પક્ષ માટે હોદ્દેદારોની વરણી કરવી એક પડકારજનક કાર્ય બની રહ્યું છે. ભાજપને 52માંથી 51 બેઠકો પર જનસમર્થન મળ્યું હોવાથી લગભગ તમામ કોર્પોરેટરો પદ મેળવવા માટે આશાવાદી છે. આ સંજોગોમાં મેયર પદ માટેનું કોકડું ગુંચવાય તેવી પૂરેપૂરી સંભાવના જોવા મળી રહી છે. ભાજપ મોવડી મંડળ દ્વારા માત્ર શૈક્ષણિક લાયકાત કે સંગઠન પ્રત્યેની વફાદારી જ નહીં, પરંતુ જ્ઞાતિ વ્યવસ્થા પણ યોગ્ય રીતે સચવાય તે દિશામાં ગંભીરતાથી વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જેવા મહત્વના પદોની વરણી વખતે પણ ભૌગોલિક અને સામાજિક સંતુલન જાળવવું પક્ષ માટે અનિવાર્ય બનશે.

નડિયાદ મનપા, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોમાં ભાજપના ઉમેદવારોનો વિજય થતા નડિયાદ સ્થિત 'કમલમ' ખાતે ફટાકડા ફોડી અને અબીલ-ગુલાલની છોળો વચ્ચે મીઠાઈ વહેંચી વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ અને અજય બ્રહ્મભટ્ટના ગ્રુપ વચ્ચે સંતુલન જાળવી મહત્વના હોદ્દાઓ ફાળવાશે તે નિશ્ચિત છે. અગાઉ નગરપાલિકા સમયે પણ આ જ પરીસ્થિતિ હતી. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે પ્રથમ અઢી વર્ષ માટે જો મેયર પદ ધારાસભ્ય પંકજભાઈ દેસાઈના પક્ષેથી નક્કી કરવામાં આવે તો સ્ટેન્ડિંગ કમિટી અથવા ડેપ્યુટી મેયર પદ અજય બ્રહ્મભટ્ટના ગ્રુપના ફાળે જઈ શકે છે. આ પ્રકારની વહેંચણીથી સંગઠનમાં કોઈ આંતરિક વિખવાદ ઊભો ન થાય તેની તકેદારી રાખવામાં આવશે. શહેરમાં ચાલતી ચર્ચાઓ મુજબ આગામી દિવસોમાં જ્યારે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળશે ત્યારે જ અંતિમ નામ પર મહોર લાગશે, પરંતુ ત્યાં સુધી વિવિધ નામોની અટકળો તેજ બની છે.

નડિયાદવાસીઓ પોતાના શહેરના પ્રથમ મેયરનું નામ જાણવા માટે ખૂબ જ આતુર છે. મહાનગરપાલિકા બન્યા પછી શહેરના વિકાસની જવાબદારી જેમના શિરે આવવાની છે તેવા નેતામાં વહીવટી કુશળતા હોવી જરૂરી છે. બીજી તરફ ભાજપમાં નવા ચૂંટાયેલા કોર્પોરેટરો દ્વારા હાઈકમાન્ડ સમક્ષ પોતાનું લોબિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. અનેક ઉમેદવારો પોતાના ગોડફાધર મારફતે પદ મેળવવા માટેના પ્રયાસો કરી રહ્યા છે. જોકે ભાજપની શિસ્તબદ્ધ કાર્યપદ્ધતિ મુજબ પાર્લામેન્ટ્રી બોર્ડની આખરી ફોર્માલિટી બાદ જ સત્તાવાર રીતે નામ જાહેર કરવામાં આવશે. ત્યાં સુધી માત્ર વિવિધ માપદંડો અને જૂથોના આધારે નામોની વિચારણા ચાલતી રહેશે.

મેયર માટે સંભવિત નામો

- **વોર્ડ નં 7** મેઘના વિકાસકુમાર શાહ : બહોળો રાજકીય અને સંગઠનાત્મક અનુભવ, ધારાસભ્યના વિશ્વાસુ, વણિક સમાજનું પ્રતિનિધિત્વ
- **વોર્ડ નં 9** મયુરકુમાર હર્ષદભાઈ પટેલ : પૂર્વ વહીવટી અનુભવ, શીર્ષ નેતૃત્વ સાથે ગાઢ સંપર્ક, સર્વસમાવેશક પાટીદાર ચહેરો
- **વોર્ડ નં 11** મનીષભાઈ મહેન્દ્રભાઈ પટેલ : ધારાસભ્યના અત્યંત નજીકના, પીપલગના પૂર્વ સરપંચ તરીકેની વહીવટી કુશળતા, પાટીદાર અગ્રણી
- **વોર્ડ નં 12** સ્નેહલબેન વ્રજેશ પટેલ : પૂર્વ કમિટી ચેરમેન, મહારાજના પારિવારિક સભ્ય, પાટીદાર સમાજનું પ્રતિનિધિત્વ
- **વોર્ડ નં 13** ઈશીત જગદીશભાઈ પટેલ : યુવાનોમાં લોકપ્રિયતા, ઉત્તરસંડાના પૂર્વ સરપંચ તરીકે વિકાસકાર્યોનો અનુભવ, શીર્ષ નેતૃત્વ સાથે ગાઢ સબંધ અને પાટીદાર ચહેરો

ત્રણ નોટિસ આપવા છતાં પ્રતિસાદ ન આપ્યો

રોડ ટેક્સ ન ભરનારા ચાર વાહન 'શ્રીસરકાર' કરાશે

વાહન માલિકો સામે
લાલ આંખ, રજૂઆત માટે 30 દિવસની અંતિમ તક

(પ્રતિનિધિ) લુણાવાડા તા.29

મહીસાગર સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી દ્વારા બાકી રોડ ટેક્સની વસૂલાત માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કચેરીના કમ્પાઉન્ડમાં લાંબા સમયથી પડેલા અને ટેક્સ ન ભરનારા કુલ ચાર વાહનોને ગુજરાત મોટરવાહન ટેક્સ નિયમ 1889 ના નિયમ 18-A મુજબ 'શ્રીસરકાર' (સરકારી હસ્તક) કરી તેની હરાજી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

આ વાહનોના માલિકો અને ફાયનન્સરોને અગાઉ ત્રણ વખત બાકી રોડ ટેક્સ ભરવા અંગે નોટિસ પાઠવવામાં આવી હતી, પરંતુ તેમના તરફથી કોઈ પણ લેખિત રજૂઆત કે ટેક્સની ભરપાઈ કરવામાં આવી ન હતી. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને, હુકમ નંબરઃ 69/2026 અન્વયે આ તમામ વાહનોને શ્રીસરકારના નામે દાખલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

જો આ બાબતે વાહન માલિક, ફાયનન્સર કે અન્ય કોઈ હિતધારકને કોઈ રજૂઆત હોય, તો તેમણે આગામી 30 દિવસમાં કચેરી ખાતે લેખિતમાં જાણ કરવાની રહેશે. નિયત સમય મર્યાદા વીત્યા બાદ કોઈ પણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં અને આ વાહનો પર માલિક કે નિયંત્રકનો કોઈ પણ પ્રકારનો દાવો ગ્રાહ્ય રહેશે નહીં.

કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા હોમ ટાઉન છીપડીમાં પણ પક્ષને જીતાડી ન શક્યા

કઠલાલ પંથકમાં 'આયાતી' નેતાઓનો મોહ આખરે ભાજપને ભારે પડ્યો!

પૂર્વ ધારાસભ્ય
કનુભાઈ ડાભીની અવગણના થતાં જિલ્લા પંચાયતની 4 બેઠકો પર રકાસ

(પ્રતિનિધિ) નડિયાદ તા.29

સમગ્ર રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની પ્રચંડ લહેર હોવા છતાં, ખેડા જિલ્લાની કપડવંજ વિધાનસભા હેઠળ આવતા કઠલાલ પંથકમાં ભાજપના ગઢના કાંગરા ખર્યા છે. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપે આંત્રોલી, બેટાવાડા, પિઠાઈ અને છીપડી એમ કુલ 4 મહત્વની બેઠકો ગુમાવવાનો વારો આવ્યો છે. પક્ષના પાયાના નેતાઓને સાઈડલાઈન કરવાની નીતિ અને સંગઠનની આંતરિક ખેંચતાણને કારણે શાસક પક્ષની ઉંઘ હરામ થઈ ગઈ છે.

કપડવંજ વિધાનસભાની વર્ષ 2022ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસમાંથી આવેલા રાજેશ ઝાલાને ઉમેદવાર બનાવી જીતાડ્યા ત્યારથી જ પૂર્વ ધારાસભ્ય કનુભાઈ ડાભી અને તેમના સમર્થકોમાં નારાજગી વ્યાપી હતી. છેલ્લા 4 વર્ષથી પક્ષ દ્વારા પાયાના નેતા કનુભાઈની સતત અવગણના કરી આયાતી નેતાઓને જ પ્રાધાન્ય આપવામાં આવતું હતું. આ મામલે કનુભાઈએ હાઈકમાન્ડને પત્રો લખી નારાજગી વ્યક્ત કરી હોવા છતાં કોઈ નક્કર પગલાં લેવાયા ન હતા, જેનો રોષ છેવટે ઈવીએમ મશીનમાં ઠલવાયો છે.

કપડવંજ વિધાનસભાના વર્તમાન ધારાસભ્ય રાજેશ ઝાલા મૂળ છીપડીના ગોગજીપુરા વિસ્તારના વતની છે અને આ વિસ્તારમાં તેમના ક્ષત્રિય સમાજનું ભારે પ્રભુત્વ છે. આમ છતાં, રાજેશ ઝાલા પોતાના જ હોમ ટાઉનમાં ભાજપને ઉગારી શક્યા નથી. પોતાના જ ગઢમાં પક્ષની હાર થતા ધારાસભ્યની સ્થાનિક પકડ અને લોકપ્રિયતા પર મોટા સવાલો ઉભા થયા છે.

વિશ્લેષકોના મતે, આ 4 બેઠકોની હાર એ પક્ષના કાર્યકરોનો આયાતી નેતાઓ સામેનો ખુલ્લો બળવો છે.

ચૂંટણી પૂર્વે પૂર્વ ધારાસભ્યના પુત્રનું પક્ષપલટો ભાજપને નડ્યો

વર્ષોથી પક્ષ માટે લોહી-પરસેવો એક કરનારા કાર્યકરોની અવગણનાથી ત્રાસીને, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે જ પૂર્વ ધારાસભ્ય કનુભાઈ ડાભીના પુત્રએ ભાજપ સાથે છેડો ફાડી દીધો હતો. તેઓ પોતાના વિશાળ સમર્થક વર્ગ સાથે કોંગ્રેસમાં જોડાતા ભાજપનો પરંપરાગત મતદાર વર્ગ સીધો કોંગ્રેસ તરફ વળી ગયો હતો, જે આ 4 બેઠકો પર મળેલી હારનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

લગ્નના ગણતરીના દિવસોમાં જ ત્રાસ આપ્યો

પતિએ બે વાર 'તલ્લાક' કહી પત્નીને કાઢી મૂકી

ઈદના પવિત્ર દિવસે
જ મારઝૂડ કરી પરિણીતાને હાંકી કાઢી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.29

મહિસાગર જિલ્લાના સંતરામપુર ખાતે સાસરિયાઓ દ્વારા પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. આ અંગે પતિ, સાસુ, સસરા અને નણંદ વિરુદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગે પોલીસ ફરિયાદ મુજબ, રઝીનાબાનુના લગ્ન ફેબ્રુઆરી 2025માં સંતરામપુરના રાકીબ શેખ સાથે થયા હતા. લગ્નના થોડા જ દિવસો બાદ સાસુએ ઘરકામ બાબતે મેણાંટોણાં મારી હેરાનગતિ શરૂ કરી હતી. આ ઉપરાંત, નણંદ દ્વારા પણ પતિને ખોટી ચઢામણી કરવામાં આવતી હતી, જેના કારણે પતિ વારંવાર મારઝૂડ કરતો હોવાનો આક્ષેપ પરિણીતાએ કર્યો છે.

આ ઘટનાની ગંભીરતા ત્યારે વધી જ્યારે 21મી માર્ચ, 2026ના રોજ ઈદના તહેવારે પરિણીતા આશીર્વાદ લેવા સાસરિયે ગઈ હતી. તે સમયે સાસરિયાઓએ તેને ગાળો આપી કાઢી મૂકી હતી અને નણંદે ધક્કો મારતા તેને માથામાં ઈજા થઈ હતી. આ દરમિયાન પતિ રાકીબ શેખે 'તલ્લાક, તલ્લાક' બોલી ત્રીજી વાર બોલી જવાની ધમકી આપી તેને પિયર ભેગી કરી દીધી હતી.

આખરે પિયરવાસમાં રહેવા મજબૂર બનેલી પરિણીતાએ ન્યાય માટે રાકીબ શેખ, રહુફ શેખ, રેહાનાબાનુ શેખ અને રીઝવાનાબાનુ સામે મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

કરમસદ-આણંદ મનપાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારનું આત્મમંથન

લોકોને નેતા જોઈએ છે, લડવૈયો નહીં: હારેલા ઉમેદવારનો બળાપો

કોંગ્રેસના ઉમેદવાર દ્વારા હાર માટે અનેક ભુલો જવાબદાર હોવાનો સ્વીકાર

(પ્રતિનિધિ) આણંદ તા.29

આણંદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પરાજય બાદ કોંગ્રેસના ઉમેદવાર હર્ષિલ દવેએ કરેલું આત્મમંથન રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યું છે. ઉમેદવારે સંગઠનની નબળાઈ અને પોતાની છબીમાં રહેલી ખામીઓને હારનું મુખ્ય કારણ ગણાવ્યું છે. આ વાયરલ મેસેજમાં તેમણે 'ગ્રાઉન્ડ રિયાલિટી' અને 'સોશિયલ મીડિયા' વચ્ચેના તફાવતને સ્પષ્ટ રીતે ઉજાગર કર્યો છે.

આણંદ મનપાની ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસના ઉમેદવાર હર્ષિલ દવેએ હારના કારણોની નિખાલસ કબૂલાત કરી છે. તેમના મતે, નેતૃત્વ સ્તરની ભૂલો અને ઓવર કોન્ફિડન્સને કારણે જનતામાં તેમની છબી એક 'પોઝિટિવ લીડર'ને બદલે માત્ર એક 'એગ્રેસિવ કેન્ડિડેટ' (લડવૈયા) તરીકે ઉપસી હતી, જ્યારે લોકો એક ગંભીર નેતાની શોધમાં હતા.

આ ચૂંટણીમાં પરાજય પાછળનું સૌથી મોટું કારણ સંગઠનનું નબળું માળખું ગણાવ્યું છે. દરેક બુથ પર મજબૂત ટીમ અને ઝોન ઇન્ચાર્જની અછત વર્તાતી હતી. ઉમેદવારે સ્વીકાર્યું હતું કે, ચૂંટણી જીતવા માટે માત્ર લોકપ્રિયતા પૂરતી નથી, પણ 'બુથ મેનેજમેન્ટ' અનિવાર્ય છે. આ કાર્યકર્તાઓની લાપરવાહી અને સ્થાનિક આગેવાનો સાથે યોગ્ય સંકલન (લાઇઝનિંગ) ન થવાને કારણે વોટ કન્વર્ટ થઈ શક્યા નથી. હાર માટે અન્ય એક મહત્વનું પાસું પેનલના અન્ય બે ઉમેદવારોની ઓછી લોકપ્રિયતા પણ રહી છે. મજબૂત ઉમેદવાર હોવા છતાં, નબળી પેનલને કારણે સમગ્ર ટીમે હારનો સામનો કરવો પડ્યો છે. વધુમાં, આર્થિક સંસાધનો અને પૈસાની અછતને લીધે બુથ, વાહન અને અન્ય જરૂરી સાધન-સામગ્રીના મેનેજમેન્ટ પર પ્રતિકૂળ અસર પડી હતી. આ આત્મમંથન સૂચવે છે કે ભવિષ્યની ચૂંટણીઓમાં કોંગ્રેસે ગ્રાઉન્ડ લેવલ પર સંગઠન મજબૂત કરવા, છબી સુધારવા પર વધુ ધ્યાન આપવું પડશે.

નાપા તળપદમાં કોંગ્રેસના વિજય વરઘોડામાં ધમાલ

બે શખ્સોએ પાન પાર્લર સંચાલકને મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) બોરસદ તા.29

આણંદ જિલ્લાના બોરસદ રૂરલ પોલીસ મથક હેઠળ આવતા નાપા તળપદ ગામે રાજકીય વિજય વરઘોડા દરમિયાન ઘર્ષણ થતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. કોંગ્રેસ પક્ષના વિજય વરઘોડામાં સામેલ કેટલાક શખ્સોએ પાન પાર્લરના સંચાલક અને તેના પરિવારને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

બોરસદ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદમાં સુમિત્રાબેન કનુભાઈ પરમારના જણાવ્યા અનુસાર, 28મી એપ્રિલના રોજ બપોરે તેમનું 'ખોડિયાર પાન પાર્લર' ખુલ્લું હતું ત્યારે ત્યાંથી પસાર થઈ રહેલા કોંગ્રેસના વિજય વરઘોડામાં સામેલ ઉસ્માન બકસુઅલી સૈયદ અને યુસુફમીયા કાઝી નામના શખ્સોએ ડી.જે. માંથી માટલા કાઢીને દુકાન તરફ ફેંકીને ફોડ્યા હતા. આ ઉપરાંત, અન્ય પક્ષના લોકોને માઠું લાગે તેવા ઉશ્કેરણીજનક ગીતો વગાડી ચીચિયારીઓ પાડી હતી.

જ્યારે ફરિયાદી પક્ષ દ્વારા આવા ઉશ્કેરણીજનક ગીતો વગાડવાની ના પાડવામાં આવી ત્યારે આરોપીઓએ ઉશ્કેરાઈને ધમકી આપી હતી કે 'ગીતો તો આવા જ વાગશે અને જો કંઈ કહેશો તો જીવતા નહીં રહેવા દઈએ'. આ ઘટના બાદ વરઘોડો આગળ વધી ગયો હતો. આ અંગે બોરસદ રૂરલ પોલીસે બંને નામજોગ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

બોરસદમાં ડીજે વગાડી ભય ફેલાવનારાઓ સામે પોલીસની લાલ આંખ

દાવોલમાં વિજય સરઘસમાં નિયમોનો ભંગ, પોલીસ પહોંચી

જાહેરનામાના ભંગ બદલ ડીજે સાથેનું આઈશર કબજે કર્યું
વિજેતા ઉમેદવાર સહિત ત્રણ સામે કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) બોરસદ તા.29

બોરસદમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો બાદ વિજયી ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઉન્માદી ઉજવણી સામે પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. બોરસદના દાવોલ ગામે મોડી રાત્રે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી, મોટા અવાજે ડીજે વગાડી અને ફટાકડા ફોડી ભયનું વાતાવરણ ઉભું કરનારા તત્વો સામે બોરસદ ટાઉન પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.

આણંદમાં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા, જેમાં દાવોલ ગામના કોંગ્રેસ પક્ષના વિજેતા ઉમેદવાર જયદિપસિંહ ઉમેદસિંહ ગોહેલનું વિજય સરઘસ મોડી રાત્રે કાઢવામાં આવ્યું હતું. આ સરઘસમાં રાત્રિના 10 વાગ્યા પછી પણ અત્યંત મોટા અવાજે ડીજે વગાડી જાહેરનામાનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સમર્થકો દ્વારા કરવામાં આવેલી બૂમાબૂમથી જાહેર જનતામાં ત્રાસ અને ભયનો માહોલ સર્જાયો હતો.

આ સમગ્ર મામલે બોરસદ ટાઉન પોલીસે સ્થળ પર પહોંચી નિયમ વિરુદ્ધ ડીજે વગાડનાર આઈશર તપાસ અર્થે કબજે કર્યું છે. આ સાથે જ પોલીસે ડીજે ચાલક સંજયભાઈ ઉર્ફે જાડિયો અરવિંદભાઈ રાજ (રહે. નિસરાયા) ની અટકાયત કરી છે. જ્યારે વિજેતા ઉમેદવાર જયદિપસિંહ ગોહેલ, પ્રતાપસિંહ ગોહેલ અને મહેશભાઈ પઢીયારને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી દરમિયાન શાંતિ જળવાઈ રહે તે માટે જાહેરનામા મુજબ માત્ર સવારના 6થી રાત્રિના 10 વાગ્યા સુધી જ મર્યાદિત અવાજમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી હોય છે. આ નિયમોનું ઉલ્લંઘન કરી શાંતિમાં ખલેલ પહોંચાડવા બદલ પોલીસે આ દાખલારૂપ કાર્યવાહી હાથ ધરી છે.

આચાર્યના માતા ICUમાં હોવા છતાં રાષ્ટ્રસેવાને પ્રાથમિકતા આપી

વડોદરા હોસ્પિટલ અને ચૂંટણી ડ્યુટી વચ્ચે સતત દોડધામ છતાં રજા ન માંગી
જિલ્લા પ્રશાસન દ્વારા પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરાયા

(પ્રતિનિધિ) આણંદ તા.29

લોકશાહીના પર્વ સમાન ચૂંટણી પ્રક્રિયામાં હજારો કર્મચારીઓ જોડાતા હોય છે, પરંતુ વિદ્યાનગરની આઈ. બી. પટેલ (ગ્રાન્ટેડ) ઈંગ્લિશ સ્કૂલના આચાર્ય ભાવેશભાઈ ભટ્ટે જે સંજોગોમાં પોતાની ફરજ બજાવી છે, તેણે માનવતા અને કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વ્યક્તિગત જીવનમાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિમાં પણ તેમણે રાષ્ટ્ર સેવાને સર્વોપરી ગણી હતી.

વિદ્યાનગરની આઈ. બી. પટેલ (ગ્રાન્ટેડ) ઈંગ્લિશ સ્કૂલના આચાર્ય ભાવેશભાઈ ભટ્ટ જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વ્યસ્ત હતા, ત્યારે તેમના માતૃશ્રી છેલ્લા એક વર્ષથી ગંભીર

બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. છેલ્લા ત્રણ મહિનાથી તેઓ વડોદરાની હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર હેઠળ હતા. એક બાજુ માતાની ગંભીર સ્થિતિ અને બીજી બાજુ રાષ્ટ્રની મહત્વની જવાબદારી હતી. ભાવેશભાઈએ આ બંને વચ્ચે સંતુલન જાળવ્યું હતું. તેઓ દરરોજ આણંદથી વડોદરા હોસ્પિટલ સુધી દોડધામ કરતા, ઉજાગરા કરતા અને માનસિક દબાણ વચ્ચે પણ ચૂંટણીનું કામ હસતા મુખે કરતા હતાં.

સામાન્ય રીતે આવી ગંભીર સ્થિતિમાં કોઈપણ કર્મચારી ચૂંટણીની ફરજમાંથી મુક્તિ મેળવવા પ્રયાસ કરતો હોય છે, પરંતુ ભાવેશભાઈએ ચૂંટણી ડ્યુટીમાંથી મુક્તિ માટે વિનંતી સુદ્ધાં કરી નહોતી. તેમણે પોતાની આ પારિવારિક આપદા વિશે કોઈ પણ ઉચ્ચ અધિકારીને જાણ પણ થવા દીધી નહોતી. શાળામાં વાર્ષિક કસોટીનું પરિણામ અને અપૂરતા સ્ટાફ વચ્ચે શાળાનું સંચાલન કરવાની સાથે તેમણે ચૂંટણીની કામગીરીમાં જરાપણ કચાસ આવવા દીધી નહોતી.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સુપેરે પૂર્ણ થયા બાદ જ્યારે જિલ્લા પ્રશાસનને ભાવેશભાઈની આ પરિસ્થિતિ વિશે જાણ થઈ, ત્યારે અધિકારીઓ પણ તેમની નિષ્ઠા જોઈને સ્તબ્ધ રહી ગયા હતા. તેમની આ અવિરત સેવા, વફાદારી અને અદમ્ય મનોબળને બિરદાવવા માટે જિલ્લા પ્રશાસન દ્વારા તેમને પ્રશસ્તિ પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225